# આનંદાલય

## વાર્ષિક પરીક્ષા

## ધોરણ – ૮

વિષય : ગુજરાતી | કુલ ગુણ:30

તા:૦૧.03.૨૦૨૫ | સમય : ૨ કલાક

**પ્રશ્ન:૧ નીચે આપેલ ગદ્યાંશ વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **૧×૫=૫**

એક ખેડૂત હતો. તેને ચાર દીકરા હતા. આ ચારે દીકરા આળસુ હતા. તેઓ ખેડૂતને ખેતીના કામમાં જરાય મદદ કરતા ન હતા. ખેડૂત ઘણી વાર દીકરાઓને સમજાવતો, પણ તેની કંઈ અસર થતી નહિ. એક વાર ખેડૂત બીમાર પડયો. તેને જીવવાની આશા રહી નહિ. તેણે વિચાર કરી ચારે દીકરાઓને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, “દીકરાઓ, મને હવે જીવવાની આશા નથી. મેં આપણા ખેતરમાં તમારા ચારે ભાઈઓ માટે રૂપિયા ભરેલા ચાર ચરુ દાટી રાખ્યા છે. મારા અવસાન પછી તે ચરુ કાઢીને લઈ આવજો.” ત્યારપછી બે-ત્રણ દિવસમાં ખેડૂતનું અવસાન થયું. ચારે દીકરાઓએ પિતાની મરણક્રિયા સારી રીતે પૂરી કરી. હવે ચારે દીકરા ખેતરમાંથી રૂપિયા ભરેલા ચરુ ખોદી કાઢવા ઊપડ્યા.ચરુ ક્યાં દાટેલા છે તે તો ખેડૂતે બતાવ્યું નહોતું. આથી દીકરાઓએ આખું ખેતર ખોદી કાઢ્યું પણ તેમને રૂપિયા ભરેલા ચરુ મળ્યા નહિ. ચારે ભાઈઓ નિરાશ થયા.એવામાં ચોમાસું શરૂ થયું. વરસાદ પડ્યો. ચારે ભાઈઓએ વિચાર્યું, ‘‘આપણે ખેતર તો ખોદી કાઢ્યું છે. માત્ર બીજ વાવવાનાં બાકી છે. ચાલો, બીજ વાવી દઈએ.” ચારે ભાઈઓએ ખેતરમાં બીજ વાવી દીધાં. થોડા વખતમાં બીજ ઊગી નીકળ્યાં. અનાજ પણ ખૂબ પાક્યું. અનાજ વેચી તેની ઘણી સારી કિંમત ઉપજી. ચારે ભાઈઓ બહુ ખુશ થયા. હવે તેમને પિતાની વાત સમજાઈ. ત્યારપછી દર વર્ષે તેઓ ખેતરમાં ખૂબ મહેનત કરતા અને ઘણું અનાજ વેચતા. ધીમે ધીમે તે બહુ ધન કમાયા અને સુખી થયા.મહેનતનાં ફળ મીઠાં હોય છે.

૧ ખેડૂત ને કેટલા દીકરા હતા અને તે કેવા હતા?

૨ બીમાર ખેડૂતે પોતાના દીકરાઓને બોલાવીને શું કહ્યું ?

3 ખેડૂતની મરણક્રિયા પછી દીકરાઓએ શું કર્યું ?

૪ ખેતર ખોદયા પછી ચારે ભાઈઓએ શું વિચાર્યું ?

૫ આ વાર્તામાંથી આપણને શું શીખ મળે છે ?

**પ્રશ્ન:૨ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો.** **૧×૫=૫**

૧ કોની આંખમાં પ્રશ્ન ડોકાયા કરે છે ?

ક) બાપુની ખ) માતાની ગ) પિતાની ઘ) દાદાની

૨ ડબ્બામાં પેંસા નાંખવાનો કાર્યક્રમ કયા સમયે યોજવામાં આવ્યો ?

ક) સાંજના સમયે ખ) બપોરના સમયે ગ) સવારના સમયે ઘ) વિરામ સમયે

૩ યુનિફોર્મ શબ્દનો અર્થ શું થાય છે?

ક) વેશભૂષા ખ) ગણવેશ ગ) સ્વેટર ઘ) સાફોટોપી

૪ એવરેસ્ટ શિખર કેટલા મીટર ઊચું છે ?

ક) ૮૮૪૮ ખ) ૮૫૫૮ ગ) ૮૯૫૮ ઘ) ૮૮૮૫

૫ સમગ્ર જીવસૃષ્ટિમાં કોણ અતિ બુદ્ધીશાળી ગણાય છે ?

ક) પ્રાણી ખ)મનુષ્ય ગ)પશું ઘ) જીવજંતુ

**પ્રશ્ન:૩ નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં લખો.** **૧×૪=૪**

૧ માના ધ્રુજતા હાથમાંથી શું છટકી જાય છે ?

૨ ડબ્બામાં કોણે કોણે ફાળો નાખ્યો?

૩ હિમાલય આપણને કઈ કઈ વસ્તુઓ આપે છે ?

૪ ‘સેવા’(SEWA)સંસ્થાનું પૂરું નામ લાખો.

**પ્રશ્ન:૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો.** **૨×૩=૬**

૧ આચાર્ય યુવાન શિક્ષકને પરેશાન કરવા શું કરતાં ?

૨ હિમાલય માંથી કઈ કઈ નદીઓ નીકળે છે? એમાંથી આપણે શું મેળવી શકીએ છે ?

૩ મા બાળકનો ઉછેર કેવી રીતે કરે છે ?

**પ્રશ્ન:૫ સુચના મુજબ લખો.**

**(અ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે પૂરો.** **૧×૪=૪**

૧ ઈલાબહેનનાં શબ્દકોશમાં ................ જેવો શબ્દ નથી.

૨ હિમાલયને .....................પણ કહેવામાં આવે છે .

૩ થોડા વર્ષો બાદ આચાર્ય ................પામ્યા .

૪ ................ સીધી લીટી માં વહેવાનું કહેવામાં આવ્યું છે.

**(બ) નીચે આપેલા વાક્યો ખરાં છે કે ખોટા છે તે જણાવો.** **૧×૨=૨**

૧ ઇલાબહેન અર્થશાસ્ત્રના અધ્યાપક હતા.

૨ શિક્ષક પ્રાર્થના સભામાં ભાવવાહી પ્રવચન આપતાં.

**(ક) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **૧×૨=૨**

૧) કુલડા ૨) મા

**(ડ) નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો.** **૧×૨=૨**

૧) પ્રશ્ન ૨) પુણ્ય